

**પુરુષાર્થ જ પારસમણી**

સકડાલ નામનો એક કુંભાર હતો.

સકડાલ અને તેના પરિવારના સભ્યો માટીનાં વાસણ બનાવીને વેચે અને તેનાથી તેનું ગુજરાન ચાલે.

પરંતુ સકડાલ સંપૂર્ણ ભાગ્યવાદી હતો. તે એમ જ માનતો કે માણસ માત્ર ભાગ્યને આધીન છે. માણસના ભાગ્યમાં લખાયું હોય એટલું જ તેને મળે;ન ઓછું કે ન વધુ.

સકડાલના મનમાં આ માન્યતા એટલી તો દઢ થઈ ગઈ હતી કે તે વાસણ ઘડવામાં અને તેને વેચવામાં ઝાઝી મહેનત પણ ન કરતો. પરિણામે જે કાંઈ વેચાણ થાય તેમાં તેના કુટુંબનું માંડ પોષણ થતું. અરે, કયારેક તો ટંક છોડવો પણ પડતો. છતાંય સકડાલ તો એમ જ માનતો કે, બધો ભાગ્યનો ખેલ છે. આજે નસીબમાં એક ટંક ભૂખ્યા રહેવાનું લખાયું હશે !

એક દિવસ ભગવાન મહાવીર પ્રવજયા કરતા કરતા સકડાલના ઘરે આવી પહોંચ્યા, અને ત્યાં રોકાણ કર્યું.

મહાવીર સ્વામીએ સકડાલની દિનચર્યા જોઈ વાતવાતમાં તેના મનના વિચારો જાણ્યા. તેમણે જોયું કે સકડાલ સશકત છે. તેના જેવા સફાઈદાર, મજબૂત અને આકર્ષક ઘાટઘૂટવાળા વાસણ બહુ ઓછા કુંભાર ઘડી શકતા. પણ સકડાલ અને તેનું કુટુંબ ભાગ્યવાદી હતું. ભાગ્યમાં લખાયું તેનાથી વધારે કશું મળવાનું નથી, એવી મજબૂત માન્યતાને કારણે તે વધુ મહેનત જ ન કરતો. પરિણામે શરીરે

સશકત અને કુશળ કારીગર હોવા છતાંય તેને વારંવાર ભૂખ્યા સૂઈ રહેવું પડતું અને અભાવ વેઠવો પડતો.

કરુણામૂર્તિ ભગવાન મહાવીરે વિચાર્યું કે, સકડાલનો આ ભ્રમ દૂર કરવો જ જોઈએ. તેમણે સકડાલને પૂછયું; ''ભાઈ સકડાલ ! તમે માટીના વાસણ કેવી રીતે બનાવો છો ?''

સકડાલે નમ્ર ભાવે કહ્યું; '' પ્રભુ ! પ્રારબ્ધવશ હું સીમમાંથી માટી ખોદી લાવું છું. માટીને ચાળી, ખૂંદી પછી તેના પીંડ તૈયાર કરું છું. પછી એ પીંડને ચાકડા પર ચડાવી હાથથી તેને જેવો ઘાટ આપવો હોય તે આપી, છેલ્લે નિભાડામાં અગ્નિથી તપાવીને પાકા કર્યા પછી બજારમાં વેચું છું.... પણ આ બધું ભાગ્યને આધીન થાય છે, આપણે તો માત્ર નિમિત્ત જ છીએ.''

ભગવંતે પૂછયું ; '' ધારો કે કોઈ માણસ ડાંગના ઘા ઝીંકી તમારા વાસણો તોડી નાખવા પ્રયાસ કરે તો તેને પણ તમારું દુર્ભાગ્ય સમજીને તેને તમારા વાસણો તોડવા દો ખરા ?''

સકડાલ કહે; '' એમ ઈરાદાપૂર્વક કોઈ વાસણ તોડવા આવે તો તેને વાસણ તોડવા કેમ દેવાય ?''

ભગવંતે વળી પૂછયું ; '' કોઈ તમારા સ્ત્રી–બાળકો ઉપર હુમલો કરવા આવે તો ?''

સકડાલે છાતી તાણીને કહ્યું;'' એમ તો કાંઈ ચૂપ રહેવાય ? ઈશ્વરે શકિત આપી છે, હાથ આપ્યા છે. હું પૂરી તાકાતથી હુમલાખોરનો સામનો કરું.''

હવે મહાવીર સ્વામીએ મર્માળુ હસીને પછી ગંભીર સ્વરે કહ્યું ; ''ભાઈ ! ઈશ્વરે તમને હાથ – પગ આપ્યા, શકિત આપી, વાસણ ઘડવાનો બીજાથીય વિશેષ સૂઝ અને હુન્નર આપ્યો. વિધાતાએ તો તમને આટલું બધું આપી દીધું છે. તેને વિધાતાના આશીર્વાદ સમજી તેનો યોગ્ય ઉપયોગ કરી તમારો ધંધો વિકસાવવાનો પ્રયત્ન કરવાની ફરજ તમારી છે. યાદ રાખો ભાગ્યનું બહાનું તો આળસની નિશાની છે. તમારી આળસને ઢાંકવા ભાગ્યને દોષ શા માટે આપો છો ? મનુષ્ય યત્ન કરે તો જ ઈશ્વરની કૃપા મળે. ''

સકડાલ ભગવંતના શબ્દોનો મર્મ પારખી ગયો. તે દિવસથી જ તેણે ભાગ્યવાદીપણું છોડી પૂરી મહેનત અને લગનથી ધંધાના વિકાસ તરફ ધ્યાન લગાવ્યું... અને તેના કર્મયોગે નસીબનાં દ્વાર ખોલી નાખ્યા !

અનંત વ્યાસ